॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૮ | ફેબ્રુઆરી ૧૯૮૮ | અંક ૪

## વાલીઓનો,

## વિજ્ઞાન પ્રવાહનાં પ્રશ્નો :–

'શારદ'માં ફરી એક વખત વિજ્ઞાનપ્રવાહના પ્રશ્નની ચર્ચા કરવાની આવે છે; પ્રશ્નનું પુનરાવર્તન ચાલુ જ રહ્યુ છે. પોતાનું બાળક ડૉકટર થાય, ઇજનેર થાય, ભારતે ચાલીસ વર્ષોમાં જે વિકાસ કર્યો છે તેને કારણે ઊભી થતી અનેક તકોના સંદર્ભમાં તેનો લાભ પોતાના બાળકને મળે તેવી અપેક્ષા દરેક વાલીને હોય તે સમજી શકાય તેવું છે; પરંતુ વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અનેક આશાઓ સાથે દાખલ થયેલું બાળક હતાશા અનુભવે ત્યારે વાલીને આંચકો લાગે છે. વાલીની મુંઝવણ અકથ્ય હોય છે. તે અમે જોઇ શકીએ છીએ અને વાલીને શું માર્ગદર્શન આપવું તેની મથામણમાં પડી જઇએ છીએ.

મહારાષ્ટ્ર રાજ્યમાં થયું તેમ ઉચ્ચતરનાં વર્ગો કોલેજો સાથે સંલગ્ન થવા જોઇએ? અભ્યાસક્રમ ઢંગધડા વગરનો છે? ગણિત અને જીવવિજ્ઞાન બંને શીખવાને બદલે એન્જિનિયરીંગમાં જનારને ગણિત અને મેડિકલમાં જનારને જીવવિજ્ઞાન આપવામાં આવે તો? ટયુશનોનું દૂષણ જવાબદાર છે? શ્રેણી ૧૦નો અભ્યાસક્રમ ખૂબ જ હળવો છે? શ્રેણી ૧૧ની વાર્ષિક પરીક્ષાને ફારસરૂપ બનાવી છે તેનું આ પરિણામ છે? આ વર્ગો માટે શાળાઓની ક્ષમતા –ભૌતિક તેમ જ માનવીય સુસજ્જતાંની દૃષ્ટએ ઊણી છે?

આ પ્રવાહમાં દાખલ થતો વિદ્યાર્થી સામાન્યતઃ તેજસ્વી કક્ષાનો હોય છે તે નિર્વિવાદ છે. આવા તેજસ્વી વિદ્યાર્થીઓને માર્ગદર્શનના અભાવે અથવા ખોટી અપેક્ષાઓને કારણે હતાશ થતા જોઇએ છીએ, આ નિઃસહાયતા એક મોટી કરૂણતા છે.

આ અંગે રસ ધરાવતી સંસ્થાઓએ સંશોધન કરી આ પ્રશ્ન ઉપર પ્રકાશ ફેંકવો ખૂબજ જરૂરી છે. તેજસ્વી યુવાનોનું આ ધન વેડફાઇ જાય તે ગુજરાતને કેવી રીતે પાલવે? ખરેખર તો આવું સંશોધન ઘણા સમય પહેલાં થવું જરૂરી હતું, પરંતુ સારુ કાર્ય કરવું એ કયારેય મોડું નથી.

દિનુભાઇના વંદન

## શિક્ષક દિનનાં સંભારણા

રોજ વિદ્યાર્થી તરીકે શિક્ષકને ધ્યાનથી સાંભળતાં હોઈએ અને જયારે વિદ્યાર્થીએ પોતે જ શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવવાનાં હોય ત્યારે સૌ પ્રથમ તો આનંદ અને મૂંઝવણની લાગણી અનુભવે એ સ્વભાવિક છે.

શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને શિખવતાં મને પોતાને પણ ઘણું જ શીખવા મળ્યું સ્ટેજ ઉપર આવતાં જ ધરતી પગ નીચેથી સરકતી હોય તેવું લાગ્યું, ખૂબ મૂંઝવણ થવા લાગી પણ એક વાર શિક્ષણકાર્યની શરૂઆત કરી પછી જે આનંદ મને થયો એ સાચે જ અલૌકિક હતો. મારામાં જાણે કોઇ નવી જ હિંમતનો સંચાર થયો.

વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ પડે તે માટે શું કરવું જોઇએ એ મને સમજાયું. શિક્ષક વર્ગમાં સતત બોલ્યા જ કરે, વિદ્યાર્થી સતત સાંભળ્યા જ કરે, પછી ભલે તેનાં કાન શિક્ષક તરફ હોય પણ મગજ દૂર દૂર પહોંચી ગયું હોય, ત્યારે વિદ્યાર્થીને જો વચ્ચે વચ્ચે અવારનવાર પ્રશ્નો પૂછીને શિક્ષણકાર્યમાં સહભાગી બનાવવામાં આવે તો તેમને વધારે રસ પડે છે, પરંતુ જો માત્ર શિક્ષક બોલ્યા કરતાં હોય તો વિદ્યાર્થીએ સતત ધ્યાન રાખવું મુશ્કેલ બને છે.

શિક્ષકમાં જરૂરી આવડત અને કલાનો મને સાચો ખ્યાલ આ અનુભવથી જ આવ્યો, મને હવે એટલે આત્મ-વિશ્વાસ આવ્યો છે કે આ અંગે હું કોઈની ય સાથે ચર્ચા કરી શકું કે જરૂર પડયે માર્ગદર્શન પણ આપી શકું.

વર્ગ લેતાં હું સાથે સાથે એ પણ ધ્યાન રાખતી જ હતી કે ચર્ચામાં કયા વિદ્યાર્થી રસ લે છે ને કયા રસ લેતા નથી. રસ ન લેતાં વિદ્યાર્થીને ચપળતાપૂર્વક શોધી તેમને

[અનુસંધાન પાન–૨ ઉપર]

## સોબત તેવી અસર

મોન્ટુને તેની માતાએ વારંવાર 'આમ કર' ને 'તેમ કર' કહ્યાં કરવું પડતું હતું. તે ખૂબ આળસુ અને મિજાજી છોકરો હતો. શાળામાં તે કયારેય પણ સમયસર જતો જ નહીં, અને શાળામાં સ્થિરતાથી ભણતો પણ નહીં, અરે! શાળાનું ઘરકામ પણ કરતો નહી અને એની ગંદકીનું તો પૂછવું જ શું! તેની માતા તો તેનાથી ખૂબ ત્રાસી જતી હતી. નિશાળેથી આવે ત્યારે તેનાં કપડાં ખૂબ ગંદા થયા હોય, શરીર પણ સાવ ધૂળભરેલું હોય ને ઘરમાં પેસતા જ એક બાજુ દફતર ફેંકે અને બીજી બાજુ બૂટ-મોજા ફેંકે ને તરત દોડી જાય રમવા. માતા જરા પણ ટોકે તો તરત જ રિસે ભરાઈને ગુસ્સે થઈ જાય અને ભાંગફોડ કરવા માંડે, ને એક ખૂણામાં બેસી જાય, તેને માંડ તેની મા મનાવતી. કયારેક તો તેનું ઘરકામ પણ તેની મા જ કરી દેતી કારણ મોન્ટુ ફક્ત રમ્યા કરતો, તેને ભણવું ગમતું જ ન હતું.

એક દિવસ મોન્ટુના મામા તેમના દિકરા કનુને લઈને મોન્ટુના ઘેર આવ્યા. તેમણે મોન્ટુની માતાને કહ્યું, "કનુને આગળ ભણવું છે પણ તેમનાં ગામમાં આગલા ધોરણ માટે શાળાજ નથી તો તું કનુને અહીં રાખીશ? હું તેનું ધ્યાન રાખવા વારંવાર અહીં આવતો રહીશ" મોન્ટુની માતાએ કહ્યું "જરૂરથી ભાઇ, કનુ ભણીગણીને હોંશિયાર થતો હોય તો એમાં મને શો વાંધો?, તે ને મોન્ટુ એકજ વર્ગમાં ભણશે તો બહુ સારુ થશે."

કનુ ખૂબ હોંશિયાર હતો તે સ્વભાવે પણ બહુ જ નમ્ર અને વિવેકી હતો અને એટલે થોડા જ વખતમાં તે શાળામાં બધાને પ્રિય થઈ ગયો. તે સમયસર અને વ્યવસ્થિત રીતે કામ કરતો. બધા જ તેનાં વારંવાર વખાણ કરતા. આ જોઈ મોન્ટુને તેની ખૂબ ઇર્ષા થવા લાગી. તે વારંવાર કનુ ઉપર ગુસ્સે થવા લાગ્યો ને કયારે ક તો તેની સાથે મારામારી પણ કરવા લાગ્યો પણ કનુ બધું જ મૂંગે મોઢે સહન કરી લેતો કારણ કે તેને તો ભણવું હતું.

એક દિવસ મોન્ટુની મા બહાર ગઇ હતી તેથી મોન્ટુનું લેસન થયું ન હતું મોન્ટુને શાળાએ જતાં ડર લાગતો હતો કારણ કે તેને શિક્ષા થશે તેવી તેને ખાત્રી હતી, બ્હીતો બ્હીતો તે નિશાળે તો આવ્યો પરંતુ શિક્ષકે જેવી તેની નોટ માંગી કે તે ધ્રૂજવા લાગ્યો. શિક્ષકે તો નોટ જોઇને મોન્ટુને એકદમ શાબાશી આપી, મોન્ટુ તો આભો જ બની ગયો, તેને સમજ જ ન પડી કે 'આ શું થયુ?' પણ પછી તેને ખ્યાલ આવ્યો કે તેની માતા કાલે ન હોવાથી તેનું ઘરકામ કનુએ કરી નાંખ્યુ હશે, છતાં તેને ડર લાગ્યો કે કનુ આ વાત તેનાં મિત્રોને કરશે તો તે મિત્રો આગળ હલકો પડશે અને એટલે એણે કનુને શાળાએથી પાછાં આવતાં ખૂબ માર્યો, કનુ તો ઉપકારનો બદલો અપકારથી વળાતો જોઈ ગભરાઈ જ ગયો, પણ તેણે આ વાત મોન્ટુની માતાને પણ ન કરી, કનુ ઘેર આવ્યો ત્યારે મોન્ટુની માતાએ તેને પૂછયું, "કનુ શું થયું?" તો તેણે જવાબ "કે હું ખાડામાં પડી ગયો હતો તેથી આમ થયું છે."

આખરે વાર્ષિક પરીક્ષા થઈ અને તેનું પરિણામ જાહેર થયું, કનુ વર્ગમાં પ્રથમ આવ્યો હતો અને તેને ઈનામ મળવાનું હતું, ખુશાલીના સમાચાર આપવા તે મોન્ટુના પિતા પાસે પહોંચી ગયો, મોન્ટુના પિતાએ પૂછયું, "મોન્ટુ કયાં ગયો?" મોન્ટુની માતાએ કહ્યું, "રખડતો હશે કયાંક" પરંતુ કનુ જેવો મોન્ટુની રૂમમાં ગયો તો તેણે શું જોયું?

મોન્ટુ તેની ચોપડીઓ વ્યવસ્થિત કરી રહ્યો હતો, આખું ટેબલ વ્યવસ્થિત કરી તે ભણવા બેસી ગયો. કનુને ખૂબ આશ્ચર્ય થયું, પણ તે કંઇ જ બોલ્યો નહી. થોડા જ વારમાં મોન્ટુએ તેને કહ્યું, "કનુ. તું મને સમજાવતો ત્યારે હું તારા ઉપર ગુસ્સો કરતો હતો પરંતુ તારું કામ અને તને મળેલું ઇનામ જોઈ મને પ્રેરણા મળી છે. આજથી મેં મહેનત કરવાનું નક્કી કર્યું છે મારે પણ તારા જેવા હોંશિયાર થવું છે તું મને મદદ કરશે ને?" તેની આંખમાં પશ્ચાતાપનાં આંસુ હતાં. કનુનું હૃદય આનંદથી ઊભરાઈ ગયું, તે મોન્ટુને વ્હાલથી ભેટી પડયો.

મોન્ટુના માતાપિતા હવે મોન્ટુ માટે ગર્વથી ઊંચુ માથું રાખી ફરી શકે છે.

ચાંદની પટવા ૭ ચ

[અનુસંધાન પાન-૧નું ચાલુ]

રસ લેતાં કરવા એ પણ એક કળા છે. તેમને વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછવાથી તેઓ એકદમ સજાગ થઇ જાય છે. મારા આ અનુભવ પરથી હું કહી શકુ કે વાસ્તવિક પરિસ્થિતિનાં દ્રષ્ટાંતો આપી સ્પષ્ટ સાદી સરળ ભાષામાં જો વિદ્યાર્થીઓને સમજાવવામાં આવે તો તેમને ભણવામાં ઘણો રસ પડે છે. એટલું જ નહી પણ વચ્ચે વચ્ચે વાતાવરણને હળવું બનાવવું પણ જરૂરી છે. વિદ્યાર્થીને કઈક શીખ્યાનો સંતોષ મળે અને પોતે કંઇક શિખવી શકયાં છે તવો સંતોષ જો મેળવી શકાય તોજ આદર્શ શિક્ષક બની શકાય.

મારા માટે આ એક ધન્ય દિવસ હતો મને વિદ્યાર્થી જીવનનો ખરો આનંદ આ જ દિવસે મળ્યો મને સમજાયું કે 'Experience is the best teacher'

નિરાલી કે શાહ ૯ ક

## 'મજા ક્યારેક સજા'

"સ્મીતા, આજે સ્કુલ છૂટે એટલે આપણે તરત જ નીકળી જઇશું હોં! તું વાતોમાં મોડું ન કરીશ હોં!"

"કેમ? આજે ઘેર કંઇ કામ છે? આટલી બધી અધીરી કેમ થઈ ગઈ છે?"

"ના, રે, ઘેર શું કામ હોય? મમ્મી છે ને! પણ આ તો આજે તને એક Surprise આપવું છે."

"તું ય ખરી છે તોરલ, કહી દે ને સીધેસીધું જે હોય તે"

"ના, ના, જવા દે ને, સાંજે જ કહીશ, અત્યારે કહીશ તો બધી મજા મરી જશે....અને એ Surprise ના વિષય અંગે જાતજાતની અટકળો કરતાં સ્મીતાએ માંડ દિવસ પૂરો કર્યો. ને ઘંટ વાગતાં જ સ્મીતા અને તોરલ એકદમ ઉતાવળથી શાળામાંથી નીકળ્યા, થોડુંક અંતર કાપ્યું ત્યાં તો તોરલે એકદમ સાયકલ થોભાવી, સ્મીતાને સમજ ન પડી કે શું થયું, ને તોરલ એકદમ હસી પડી.

"સ્મીતા, ખબર ન પડી? હજી ય સમજ નથી પડી? આજે આપણે આઈસક્રીમ ખાવાનાં છીએ; અને એટલે મેં તને ઊતાવળથી નીકળવા કહ્યું હતું."

"ના તોરલ, મારે આઇસક્રીમ નથી ખાવો. મને ખૂબ શરદી થઇ છે અને હું આમ રસ્તા વચ્ચે આઇસક્રીમ ખાઉં તે મમ્મીને જરાય ન ગમે મને જ્યારે પણ આઇસક્રીમ ખાવાનું મન થાય છે ત્યારે મમ્મી પપ્પા મને આઈસક્રીમ ખાવા લઈ જ જાય છે. ને ક્યારેક તો પપ્પા ઘેર પણ આઇસક્રીમ લઈ આવે છે, એટલે જ હું તો ક્યારેય એટલા બધાં પૈસા લઇને સ્કુલે આવતી જ નથી"

"સ્મીતા, તું પણ ખરી છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે જ મોં ધોવા જાય છે. આ તો હું તને treat આપું છું. પછી મૂંઝાય છે શાને? ચાલ આજે તો તારે આઈસક્રીમ ખાવો જ પડશે. આજે તો મમ્મી પાસે મીઠું મીઠું બોલી પૈસા પડાવ્યાં છે, મજા આવશે, લે આ આઇસક્રીમ તો આવી પણ ગયો.

આઈસક્રીમ પાર્લર પર લગભગ રોજ જ વિદ્યાર્થીઓનો આવો વાર્તાલાપ સાંભળવા મળે છે, વિદ્યાર્થીઓ ક્યારેક મુક્ત મને મજા માણે તેમાં કશું જ ખોટું નથી પરતું એ પાર્લર ઉપર જે રીતે તેઓ રસ્તા વચ્ચે ઊભા રહી આઇસક્રીમની મોજ માણે છે તે જોઈ તેમની સહી-સલામતી માટે ખરેખર ચિંતા ઉદ્‌ભવે છે.

સાંજના એ સમયે રસ્તા ઉપર જેવા લોકોની અવર-જવર હોય છે. તે જોતાં એવું ચોક્કસ લાગે કે ક્યારેક આ વિદ્યાર્થીઓ નાહકનાં હેરાન થઇ જશે. એટલું જ નહીં પણ

[અનુસંધાન પાન-૪ કોલમ ૨ પર।

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

૧૯૮૭નાં ડીસેમ્બર માસ દરમ્યાન બાલમંદિરના તાલીમ વિભાગનાં બાળકોનો રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લીધો, આ સ્પર્ધાઓમાં વિજેતા નિવડનાર બાળકોને બિરૂદ આપવામાં આવ્યાં.

તા. ૨૨-૧૨-૮૭ને મંગળવારનાં રોજ બાલમંદિર अ વિભાગના બાળકોએ કાંકરીયા પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લીધી, જ્યાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓને જોઈ ખૂબ આનંદ અને આશ્ચર્યનો અનુભવ કર્યો.

તા. ૮-૧-૮૮ને શુક્રવારે બાલમંદિર ब વિભાગનાં બાળકોએ 'ત્રિશાલા'નો પ્રવાસ કર્યો. જ્યાં તેઓએ ધાતુના વિધવિધ વાસણોનું સંગ્રહાલય ખૂબ રસ અને જીજ્ઞાસાપૂર્વક નિહાળ્યું ને ત્યારબાદ બટાટાપૌંઆનો નાસ્તો કરી ખૂબ ખેલ્યા અને કૂદયા.

તા. ૨૦-૧-૮૮ને બુધવારે તાલીમમંડળીનાં બાળકોએ વિશાલાનો પ્રવાસ કર્યો. ત્યાં વાસણોનુ સંગ્રહાલય જોવા ઉપરાંત કુંભારનો ચાકડો, કઠપૂતળી વગેરે રસપૂર્વક જોયાં અને ખૂબ રમતો રમ્યાં બાદ ભોજનનો પણ આનંદ માણ્યો.

**શિશુમંદિર :-**

શિશુમંદિર વિભાગમાં નીચે પ્રમાણે સ્પર્ધાઓ યોજવામાં આવી, જેમાં વિજેતા નિવડનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

**સુલેખન સ્પર્ધા :-** તા. ૭-૧૨-૮૭

| | | | |
|---|---|---|---|
| **ધોરણ ૧ :-** | **પ્રથમ** | રાજવી શાહ | ૧ अ |
| | **દ્વિતીય** | વ્યોમા અલકેશભાઇ | ૧ ब |
| | **તૃતીય** | રિદ્ધિ શાહ | ૧ अ |
| **ધોરણ ૨ :-** | **પ્રથમ** | નિધિ શાહ | ૨ अ |
| | **દ્વિતીય** | હેતા ઝવેરી | ૨ क |
| | **તૃતીય** | ક્રિશ્ના ઉપાધ્યાય | ૨ क |
| **ધોરણ ૩ :-** | **પ્રથમ** | નિલી શાહ | ૩ अ |
| | **દ્વિતીય** | ફોરમ શાહ | ૩ ब |
| | **તૃતીય** | મૈત્રેયી શાહ | ૩ अ |
| **ધોરણ ૪ :-** | **પ્રથમ** | વિરાજ શાહ | ૪ ब |
| | **દ્વિતીય** | શિમોલી પટવા | ૪ ब |
| | **તૃતીય** | મિલોની ફોજદાર | ૪ ब |

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

**ચિત્ર હરિફાઈ :-** તા. ૨-૧-૮૮

**પ્રથમ :-** નિલાંશુ રાજા ૭ ब રત્નદીપ

| | | | |
|---|---|---|---|
| દ્વિતીય :- | સિરાલી મુન્શી | ૭ अ | રત્નદીપ |
| | કૃષ્ણા દેસાઇ | ૭ अ | ગંગોત્રી |
| તૃતીય :- | આશિષ દેસાઈ | ૭ अ | મેઘનાદ |

**સંગીત સ્પર્ધા :- તા. ૮-૧-૮૮**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :-** | અનાર કઠિયારા | ૭ अ | ધવલગિરિ |
| **દ્વિતીય :-** | કવિતા દેસાઇ | ૭ अ | મેઘનાદ |
| **તૃતીય :-** | નિશ્ચલા શુકલ | ૬ क | ગંગોત્રી |
| | ધ્વનિ શાહ | ૭ ब | રત્નદીપ |

**નિબંધ સ્પર્ધા :- તા. ૯-૧-૮૮**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ :-** | સજની દલાલ | ૭ अ | મેઘનાદ |
| **દ્વિતીય :-** | શિલ્પી શાહ | ૭ क | મેઘનાદ |
| તૃતીય :- | મિહિર પારેખ | ૭ ब | ધવલગિરિ |

**વકતવ્ય :-**

તા. ૧૨-૧-૮૮નાં રોજ સ્વામી વિવેકાનંદનાં જીવનનાં વિવિધ પ્રસંગો વિષે વિદ્યાર્થી ભાઈ-બહેનોના વક્તવ્યો સુંદર રીતે રજૂ થયા

તા. ૩૦-૧-૮૮ના રોજ 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે સમૂહ પ્રાર્થનાનું આયોજન થયું અને પૂ. ગાંધીજી વિષે વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાવવાહી વક્તવ્યો રજૂ કર્યા.

**પ્રવાસ :-**

તા. ૯-૧૨-૮૭ને બુધવારે ધોરણ ૧નાં ૯૫ વિદ્યાર્થીઓએ ગાંધીઆશ્રમ તથા નારણઘાટના પ્રવાસની મોજ માણી.

તા. ૨૩-૧૨-૮૭નાં રોજ ધોરણ ૧ તથા ૨ના ૧૦૨ બાળકોએ કાંકરીયા પ્રાણી સંગ્રહાલય તથા માછલીઘરની મુલાકાત લીધી, જ્યાં તેમણે ખૂબ રસપૂર્વક વિવિધ પ્રાણીઓ તથા માછલીઓને નિહાળ્યા.

તા. ૫-૧-૮૮નાં રોજ તેવીજ રીતે ધોરણ ૨ના ૯૮ વિદ્યાર્થીઓએ પ્રાણી સંગ્રહાલય તથા માછલીઘરની મુલાકાત લીધી તે સાથે તેઓએ નગીનાવાડીમાં પણ ફરવાની મોજ માણી.

**પ્રવચન :-** તા. ૨૬-૧૨-૮૭નાં રોજ શ્રી સીમા દલાલે દુનિયાભરમાં ચાલી રહેલાં 'હંગર પ્રોજેકટ' વિષે વ્યાખ્યાન આપી ઘણી માહિતી વિદ્યાર્થીઓને આપી, તેમાં મદદરૂપ થવા શપથ લેવા પ્રોત્સાહિત કર્યા.

**રાયફલ તાલીમ :-**

રોટરી કલબનાં ઉપક્રમે શાળાનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે રાયફલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૫ અને તા. ૨૭ની જાન્યુઆરીનાં રોજ શિશુમંદિરનાં રમતોત્સવ યોજવામાં આવ્યો તા. ૧-૨-૮૮ નાં રોજ ધો. ૧ થી ૪નો રમતોત્સવ યોજવામાં આવ્યો

**અભિનંદન :-**

તા ૧૪, ૧૫ નવેમ્બરનાં રોજ યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં ચિ. અંકુર રાજુભાઈ (૫ क) સર્ટીફિકેટ મેળવે છે તે બદલ તેમને અભિનંદન. ચિ. અંકુર શાહ (૫ क) ચિ. કોમલ બોડીવાલા (૬अ) તથા ચિ.ક્રિશ્ના દેસાઈ (૭ अ) ને સોવિયેત લેન્ડ નહેરુ એવોર્ડ ચિત્ર સ્પર્ધામાં સર્ટીફીકેટ એનાયત થયાં છે તે માટે તેમને ખૂબ ધન્યવાદ.

ગુજરાત રાજ્ય લલિત કલા એકાદમીમાં કુ. અર્પી સ્નેહલભાઈ શાહ ૨ ब ને ઈનામ મેળવવા બદલ અભિનંદન

## વિનયમંદિર

**પ્રવચન :-**

તા ૫-૧૨-૮૭ના રોજ ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓ સમક્ષ તથા તા. ૧૮-૧-૮૮નાં રોજ ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સમક્ષ એક્યુપ્રેશરના નિષ્ણાત ડૉ. મુગુટભાઈ થાનકીનું પ્રવચન યોજવામા આવ્યું

તા. ૨૩-૧૨-૮૭ના રોજ વર્લ્ડ 'હંગર પ્રોજેકટ ના ઉપક્રમે કુ. સીમા દલાલનું પ્રવચન યોજવામાં આવ્યું જેમણે દુનિયામાંથી ભૂખમરાને દૂર કરવા શું કરવું જોઈએ તે અંગે બહુ સારી સમજ આપી, તે અંગે કાર્યશીલ થવા વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી.

તા. ૩૦-૧૨-૮૭નાં રોજ ઇંનટરેકટ કલબના ઉપક્રમે ધો ૮, ૯નાં વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી કુમારપાળભાઈ દેસાઈનું પ્રવચન યોજવામાં આવ્યું. જીવનમાં એકાગ્રતાનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને પ્રગતિ માટે તેમણે ખૂબ સારી પ્રેરણા આપી, વિદ્યાર્થીઓએ તેમનાં વક્તવ્યને ખૂબ માણ્યુ.

તા ૧૨ - ૧ - ૮૮ ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે વિદ્યાર્થી ભાઇબહેનોએ 'સ્વામી વિવેકાનંદ' વિષે વિવિધ વકતવ્યો સુંદર રીતે રજૂ કર્યા.

તા ૨૦ તથા તા ૨૧ જાન્યુઆરીના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો

તા. ૨૭-૧-૮૭નાં રોજ ધોરણ ૧૨માનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો

---

[અનુસંધાન પાન-૩ કોલમ -૧ ચાલુ]

રસ્તા વચ્ચે મુક્ત મને આઇસક્રીમની મોજ માણતાં તેમને ભાગ્યે જ વાહનોનો ખ્યાલ રહે છે, તેમનાં જીવનની સહી-સલામતી માટે કયારેક તો અમને પણ ડર લાગે છે. આઇસક્રીમ પાર્લરને માટે તો આ વિદ્યાર્થીઓ ધંધાની ઉજળી તક પૂરી પાડે છે પરંતુ એ વિદ્યાર્થીઓને આમ આઈસક્રીમ ખાતા જોઉં છું ત્યારે તેમના ઘડતરની એક ઊણપ વરતાય છે

**ઉર્મિલા શાહ**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ હ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.

સ્થળ મુદ્રક વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૭.